આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ વૃશ્ચિક

આજના ગ્રહોની કુંડળી



આજે મંગળ, શનિ, રાહુ, ગુરુ વક્રી ચાલે છે. આજે સૂર્ય, શુક્ર ઉચ્ચના છે. ચંદ્ર માંગલ્ય, ચંદ્ર શનિનો વિષયોગ છે. આજે ચાંડાલ યોગ છે. આજે ચંદ્ર સાંજે છ વાગે ધનમાં પ્રવેશે છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ આઠમા સ્થાનમાં શનિ મંગળ તેમજ પાંચમાં સ્થાનમાં ચાંડાલ યોગ ને કારણે આપને શુભાશુભ ફળ મળે છે. મીશ્રફળ મળશે - દિવસ સાધારમ જશે.

વૃષભ ચંદ્ર - મંગળ - શનિની દ્રષ્ટિ તેમજ ચોથે ચાંડાલયોગના કારણે આપનો આજનો આખો દિવસ મીશ્રફળ મળવાને કારણે સાધારણ જશે.

મિથુન દસમે ઉચ્ચનો શુક્ર અને અગિયારમે ઉચ્ચનો સૂર્ય - બુધ તમારા ગ્રહોમાં સુંદર ભ્રમણ કરી રહ્યા છે માટે તમારો આજનો દિવસ સુંદર પસાર થશે.

કર્ક વડીલો - આગેવાનો - ઉપરીઓ દ્વારા તમારા ખભા થપથપાવે તેવા બનાવો આખો દિવસ બનશે. નમ્રતા કેળવશો તો વધુ આગળ જશો.

સિંહ રાશિમાં ચાંડાલયોગના કારણે તમારો આખો દિવસ વ્યગ્રતામાં જશે તેમજ આમ કેમ બન્યું તેવા બનાવોને વિચારોથી વ્યગ્રતાભર્યો દિવસ પસાર થશે.

કન્યા સાતમે ઉચ્ચનો શુક્ર અને આઠમે ઉચ્ચનો સૂર્ય તમારો આખો દિવસ સારો પસાર કરાવે - કોઈ ચિંતા કર્યા વિના આગળ વધો - આનંદ રહેશે.

તુલા આજનો દિવસ તમારા જીવનસાથી જેમ કહે તેમ વર્તશો તો અતિ સુખ પ્રાપ્ત થશે - દિવસ આનંદમાં પસાર થશે.

વૃશ્ચિક દિવસ ટેન્શનમાં જશે - સાંજે છ પણ ટેન્શન ઓછું થશે. બાકી આખો દિવસ મિશ્રફળ મળશે - દિવસ સાધારમ જશે.

ધન ઉચ્ચના ગ્રહો તમારે માટે આનંદદાયક સમાચાર પ્રાપ્ત કરાવે - તમારા માટે આજનાં પરિણામ સારાં સમાચાર અપાવે.

મકર ઉચ્ચના ગ્રહો તમારે માટે આનંદદાયક સમાચાર આપે - દિવસ સારો પસાર થાય - તમો દિવસ આનંદમાં પસાર કરશો.

કુંભ સાતમે ચાંડાલ યોગ સારો નથી પરંતુ બીજે ત્રીજે ઉચ્ચના શુક્ર સૂર્ય તમારે માટે સારા સમાચાર અપાવે. એકંદરે મિશ્રફળ આપે.

મીન આપની રાશિમાં ઉચ્ચનો શુક્ર આપનો આજનો દિવસ તમારે માટે આનંદનો જશે. દિવસ સુખમય પસાર થાય. ચિંતા વિના દિવસ જાય.

સાબરકાંઠા જિલ્લામાં કાળઝાળ ગરમીથી પ્રજા ત્રસ્ત

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલી કાળઝાળ ગરમીને કારણે માનવીઓ તથા પશુ-પક્ષીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. દરમિયાન શનિવારે અને રવિવારે સતત પડી રહેલી ગરમીને કારણે જનજીવન પણ પ્રભાવિત થયું છે. હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, વિજયનગર, પોશીના, ઈડર, ખેડબ્રહ્મા, વડાલી સહિતના સ્થળે પડી રહેલી ગરમીને કારણે દિવસ દરમિયાન રસ્તાઓ અને વગડાઓ સૂમસામ ભાસી રહ્યા છે. કાળઝાળ ગરમીમાં પણ લગ્નસરા જામી છે. તેના કારણે કેટરીંગ, મંડપ તથા કાપડ અને સોના-ચાંદી બજારમાં તેજી વર્તાઈ રહી છે. સાબરકાંઠા જિલ્લાના મીની કાશ્મીરથી ઓળખાતા વિજયનગર તાલુકામાં ગત બે-ત્રણ દિવસથી સૂર્યદેવનો જાણે પ્રકોપ થયો હોય તેમ ગરમીનો પારો વધી રહ્યો છે. કાળઝાળ ગરમી વહેલી સવારથી જ અનુભવાતા લોકો ગરમીથી રાહત મેળવવા પંખા, એરકૂલર, એ.સી.ના તાબે થવુ પડી રહ્યું છે. સવારે ૯ વાગ્યા બાદ ઘરમાંથી નીકળવું મુશ્કેલ ભર્યુ બની જાય છે. જો કે સખત તાપ, તડકામાં પણ લગ્નોની મોસમ ખુલી છે અને લોકો ફૂલેકાઓમાં બેન્ડવાજાના તાલે ઝૂમતા જોવા મળી રહ્યા છે. હજુ મે-જૂનમાં શું હાલ થશે તે જોવાનું રહ્યું.

ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ

છત્રછાયા - કેટલો સુંદર શબ્દ છે ને..! છત્ર અને છાયા; આ બે શબ્દોમાં સ્નેહ, સમર્પણ અને સલામતીનો અહેસાસ ભરપુર છે. ધોમધખતા બપોરે જ્યારે કાલમીંટ રસ્તાએ પણ પીગળવાનું શરૂ કરી દીધું હતુ ત્યારે એક પ્લાસ્ટિક તળે આ ગરીબ પરિવાર એકમેકની છત્રછાયામાં એકબીજામાં ઓગળી રહ્યો હતો..! મા એ પગ લંબાવીને કરેલા પારણામાં ખીલખીલાટ બાળક, આ પરિવારના મોભીએ પોતાના હાથથી રચેલા મોભ નીચે પ્રસન્ન પત્ની અને આ પળે સંતોષની સમૃદ્ધિ અનુભવી રહેલા એ 'મોભી'ને જોઈને અંગ દઝાળતી ગરમીમાં પણ મેં છત્ર અને છાયાનો અહેસાસ કરી લીધો...

૩૦મીએ રાજ્યવ્યાપી ધરણા - પ્રદર્શનો કરવા કોંગ્રેસ તૈયાર

રાજ્ય સરકારના કોંભાંડો ખુલા પાડવામાં આવશે : ૩૩ જિલ્લા આઠ મહાનગરોમાં ધરણા પ્રદર્શનનો કાર્યક્રમ

અમદાવાદ, તા. ૨૫

ભાજપ સરકારના ૨૦,૦૦૦ કરોડના કે જી બેસીન કૌભાંડ, જમીનોના કૌભાંડ, સરકારી ખાનગી વીજકંપનીઓની કરોડો રૂપિયાની લૂંટફાટ, ગીફ્ટ સીટીનું કૌભાંડ, ઉચ્ચ શિક્ષણ પરિષદ વિધેયકથી શિક્ષણમાં અંજપો આક્રોશ સહિતના મુદ્દે કોંગ્રેસ પક્ષ દ્વારા રાજયવ્યાપી કાર્યક્રમોની જાહેરાત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે,મોદી સરકાર દ્વારા કે જી બેસીન ભ્રષ્ટાચાર સામે તા. ૩૦-૪-૨૦૧૬ના રોજ ૩૩ જિલ્લા ૮ મહાનગરોમાં ધરણા પ્રદર્શનનો કાર્યક્રમ યોજાશે અને ભાજપાના ભ્રષ્ટાચાર ખુલ્લો પડાશે સાથો સાથ ખુલ્લો પડાશે સાથો સાથ વિવિધ કૌભાંડો અંગે મહામહીમ રાષ્ટ્રપતિ કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનો, સાંસદઓ, ધારાસભ્ય રજુઆત કરીને પગલાં ભરવા માટે વિનંતી કરશે. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ જિલ્લા પ્રમુખો, જિલ્લા પંચાયતના નેતા, કોર્પોરેશનના નેતા અને પ્રદેશ પદાધિકારીઓની અગત્યની બેઠક ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, એઆઈસીસીના મહામંત્રી ગુરૂદાસ કામત,પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થભાઈ પટેલ, વિધાનસભાના પૂર્વ નેતા નરેશ રાવલે પક્ષના સંગઠન અને ભાજપ સરકારની જનવિરોધી નિતી, ભ્રષ્ટાચાર સામે આગામી કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપ્યું હતું. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ અગત્યની બેઠકમાં માર્ગદર્શન આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું કે, જિલ્લા પંચાયત તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પક્ષને જનસમર્થન જન આશીર્વાદ મળ્યા છે. ત્યારે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં લડાયક, કર્મઠ કાર્યકર્તાઓને પ્રાથમિકતા આપવામાં આવશે. રાજયમાં પીવાના પાણીની વ્યાપક સમસ્યા છે અનેક ગામોમાં પીવાના પાણી માટે નાગરિકોને બે બે દિવસ સુધી રાહ જોવી પડે છે. ભાજપ સરકાર અછત જાહેર કરવામાં પણ રાજનિતી કરી રહી હોય તેવું જણાય છે. કુદરતી આપદા ફંડના કરોડો રૂપિયા હોવા છતાં અછતગ્રસ્ત દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં પરેશાની ભોગવતા પરિવારોને પીવાનું પાણી રોજીરોટી અને કેશડોલ્સ હજુ સુધી અને નાગરિકોને વિકટ સમસ્યામાંથી રાહત મળે તે માટે કોંગ્રેસ પક્ષ તા. ૨૬-૨૭-૨૮ એમ ત્રમ દિવસ માટે જિલ્લા કક્ષાએ પાણીયાત્રા યોજાશે. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ અગત્યની બેઠકમાં માર્ગદર્શન આપતાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે, વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષની તૈયારી શરૂ થઈ ગઈ છે. ભાજપ સરકાર પ્રજાના પ્રશ્નોની અવગણના કરી રહી છે. સચિવાલય હોય કે પછી કલેકટર ઓફિસ તમામ જગ્યાએ પ્રજાના પ્રશ્નો સાચા હોય તો પણ સાંભળવામાં આવતા નથી કોંગ્રેસ પક્ષ તા. ૯મી મે ૨૦૧૬ના રોજ ઉત્કંઠેશ્વર મહાદેવ, કપડવંજ ખાતે લોકદરબાર કાર્યક્રમની શરૂઆત થશે. રાજયમાંશિક્ષણ, પાણી, આરોગ્ય, કાયદો વ્યવસ્થાની કથળી ગયેલી પરિસ્થિતિ, ધાસચારો, ખેડુતોના પ્રશ્ને પ્રજાને સાથે રાખી લડત અપાશે.

મોડાસામાં મહિલા જાગૃતિ શિબિર યોજાઈ

મોડાસા, તા. ૨૫

અરવલ્લીમાં ગુજરાત મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત 'મહિલા જાગૃતિ શિબિર' મહાલક્ષ્મી ટાઉન હોલ ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાત આર્થિક વિકાસ નિગમ લિ. ગાંધીનગર અધ્યક્ષા મીનાબેન પંડ્યા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ હેમલતાબેન પટેલ, અરવલ્લી જિલ્લા પંચાયત મહિલા અને બાળ વિકાસ સમિતિના અધ્યક્ષા મતીરાજ કુમારી વાય. ઝાલાબેન, મોડાસા નગરપાલિકાના વનિતાબેન પટેલ ભાજપા સંગઠનના મહામંત્રી એસ.એમ. ખાંટ, જિલ્લા પંચાયત વિકાસ અધિકારી સુધીર બી. પટેલ, આઈસીડીએસ પ્રોગ્રામ ઓફીસર બ્રહ્મભટ્ટ, મનિષાબેન તમામ તાલુકાના સી.ડી.પી.ઓ. તાલુકા અધ્યક્ષો, નગરપાલિકાના અધ્યક્ષો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ શિબિરમાં મેડીકલ ઓફીસર કૌશલભાઈ દ્વારા આરોગ્યલક્ષી બાબતોની જાણકારી આપવામાં આવી હતી. વનિતાબેન પટેલ દ્વારા નારીશક્તિ અંગે, આઈ.સી.ડી.એસ. અંગે તેમજ મહિલા લક્ષી બાબતોની માહિતી આપી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ કુપોષણ, શૌચાલય તેમજ બહેનોને લગતી માહિતી આપેલ હતી. ત્યારબાદ મહિલા આર્થિક વિકાસ નિગમ લી.ના મીનાબેન પંડ્યા ઘરદિવડા યોજના વિષે, પોષણયુક્ત આહાર, સ્વચ્છતા બાબતે તેમજ મહિલા નિગમ દ્વારા આર્થિક સહાય વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

ક્ષણના ચણીબોર

● ૪ પાનાનું ચાલુ...

સ્વમાની શિક્ષક. દિવસની કામગીરીને અંતે તેઓ રાત્રે અભણ મા ને સરસ્વતીચન્દ્ર તથા ર. વ. દેસાઈની નવલકથાઓ વાંચી સંભળાવે. મા એ પછી થોડું અક્ષરજ્ઞાન મેળવ્યું. અક્ષરજ્ઞાન મેળવ્યા પછી મા જીવ્યા ત્યાં સુધી તુલસીકૃત રામાયણના એક-બે પાન વાંચીને સૂતા.'' કોઈપણ વ્યક્તિના જીવનમાં માતા-પિતાના વિચારો તથા સંસ્કારોની રોપણી કેટલી ઊંડી થતી હશે? આવા સુસંસ્કાર જો સંવર્ધિત થાય તો ભાવિ જીવનનું ચાલકબળ તેજ બની રહે છે. સનતભાઈના માનસ પર માતા પિતા સિવાય આવીજ એક ઉજળી છાપ ભાવનર રાજ્યના કૂશળ દીવાન સર પ્રભાશંકર પટ્ટણીની રહી છે તેવું તેઓએ જણાવેલું છે. રાજ્યના વહીવટમાં ઉદારતા અને સાદગીના જે બીજ આ ક્રાંતદર્શી દીવાને વાવેલા હતા તેની અસર સનતભાઈના જીવન ઉપર હતી.

સનતભાઈ મહાગુજરાત આંદોલન વેળા ઈન્દુચાચા પછીના સૌથી વધારે લોકપ્રિય વક્તા રહ્યા. તેમની બોલવાની તથા લખાણની ભાષા સીધી સાદી તથા સરળ રહી છે. સનતભાઈનું વૈચારિક ફલક ખૂબ વિશાળ છે. સંસદીય બાબતોના તલસ્પર્શી અભ્યાસુ સનત મહેતા લોકપ્રિયતાના સિંહાસને સ્થપાયેલા છે. જેમને વંચિતો વહાલા હતા તેવા આ સ્ટેઈટસમેનની સ્મૃતિને વંદન કરવાનો આ સમય છે.

ત્રાસવાદીના સમર્થનમાં કોંગી ધમપછાડા કરે છે

અમદાવાદ, તા. ૨૫

ભાજપનાં પ્રદેશ પ્રવકતા ભરતભાઈ પંડ્યાએ, ભૂતપૂર્વ ગૃહમંત્રી પી ચિદમ્બરમ અને કોંગ્રેસના આગેવાનોનાં નિવેદનો સામે પ્રત્યાઘાત આપતા જણાવ્યું હતું કે, ઈશરત આંતકવાદી હતી અને તેમાં ફેરપાર કરીને ચિદમ્બરમના ષડયંત્રોનો પર્દાફાશ કર્યો હતો કે પહેલી એફિડેવીટમાં ઈશરત આતંકવાદી હતી અને તેમાં ફેરફાર કરીને ચિદમ્બરમે બીજી એફિડેવીટમાં ઈશરત જાણે આંતકવાદી નથી. તેમ કરીને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને અમિતભાઈ શાહને જેલમાં નાંખવા માંગતા હતા. અમેરિકામાં પકડાયેલા આંતકવાદી હેડલીને પણ બેવાર જુબાનીમાં પણ ઝકી ઉર રહેમાન લખવી અને લશ્કર એ તોઈબાના કમાન્ડર મુઝમ્મિલભટ્ટ સાથેની વાતચીતમાં માહિતી આપતાં કહ્યું હતું કે, ઈશરતએ લશ્કર એ તોઈબાનાં ઓપરેશનનો ભાગ હતો.

ઈશરત મામલે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાગળોના સંદર્ભમાં કોઈ માહિતી મળી છે કે કેમ. કોંગ્રેસ સભ્યોના ભારે વિરોધ વચ્ચે સોમૈયાએ કહ્યું હતું કે, તત્કાલિન ગૃહમંત્રીના હસ્તાક્ષર સાથે સંબંધિત પ્રથમ એફિડેવિટમાં ઈશરત જહાંને આતંકવાદીઓની સાથી તરીકે ગણવામાં આવી હતી અને એમ પણ કહેવામાં આવ્યું હતું કે, તે એક અથડામણમાં ઠાર થઈ છે. જો કે, મોડેથી એટલે કે ત્રણ મહિના પછી એજ ગૃહમંત્રીએ હસ્તાક્ષર કરીને બીજી એફિડેવિટ તૈયાર કરી હતી જેમાં ઈશરત જહાંને ત્રાસવાદી માનવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. અથમડામણને બોગસ ગણાવવામાં આવ્યું હતું. ભાજપના નેતાએ સંસદ મારફતે આ બાબત જાણવાની ઈચ્છા વ્યક્ત કરી હતી કે, ઈશરત જહાંને ત્રાસવાદીથી શહીદ બનાવનાર વ્યક્તિ કોણ હતા અને આવું કરીને દેશની સુરક્ષા સાથે રમત કરનાર કોણ લોકો હતા. સોમૈયાએ એમ પણ કહ્યું હતું કે, આ એફિડેવિટ સાથે સંબંધિત કેટલાક કાગળો લાપત્તા છે. તેમની માહિતી મેળવવા એક સમિતિ બનાવવામાં આવી હતી. સરકાર પાસેથી સોમૈયાએ એ અંગેની માહિતી મેળવવાના પ્રયાસ કર્યા હતા કે, આ સંબંધમાં સમિતિને હજુ સુધી કઈ પ્રકારની માહિતી મળી છે. આજે સંસદના બજેટ સત્રના બીજા તબક્કાની શરૂઆત થઈ હતી. બીજા તબક્કાની શરૂઆત ધાંધલ ધમાલ સાથે થઈ હતી. પ્રથમ દિવસે જ ઈશરતનો મુદ્દો પણ ઉઠાવાયો હતો. આગામી દિવસોમાં પણ આને લઈને જોરદાર ચર્ચા રહે તેવી શક્યતા દેખાઈ રહી છે.

ટેક્સટાઈલ ઉદ્યોગ નવી સિદ્ધી હાંસલ કરી શકે : સૌરભ પટેલ

પ્રોત્સાહન યોજના મંજુરી સમિતિ બેઠકમાં ૪૩ એકમોને વાવર ટેરિફ, વ્યાજ સહાય, વેટ રાહત આપવામાં આવી

અમદાવાદ, તા. ૨૫

રાજયના નાણા, ઊર્જા અને ખાણ ખનિજ વિભાગના મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રોત્સાહન યોજનાઓને કારણે રાજયમાં ટેક્ષટાઈલ ઉદ્યોગ વિકાસની હરણફાળ ભરશે. મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી હેઠળની જુદી જુદી પ્રોત્સાહન યોજનાને કારણે ઉદ્યોગકારોને સીધો જ લાભ મળી રહ્યો છે. ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી-૨૦૧૨ અન્વયે જાહેર કરવામાં આવેલ વિવિદ પ્રોત્સાહન યોજનાઓની રાજયકક્ષાની મંજુરી સમિતિની દસમી બેઠકના અધ્યક્ષસ્થાનેથી મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, વ્યાજ સહાય યોજના અંતર્ગત વીવીંગ, મેઈડ અપ્સ, નીટેડ ફેબ્રીકસ, પ્રોસેસીંગ, એમ્બ્રોઈડરી, કોટન જીનીંગ, ટ્વીસ્ટીંગની ૪૨ તેમજ ટેકનીકલ ટેક્ષટાઈલની ૧ મળી કુલ ૪૩ દરખાસ્તો મંજુર કરવામાં આવી હતી. આ એકમો સુરેન્દ્રનગર, સુરત, બોટાદ, મોરબી રોજકોટ, વલસાડ અને જુનાગઢ જિલ્લામાં સ્થાપિત થયેલા છે. આ એકમોને વ્યાજ સહાય, વેટ કન્શેશન તેમજ વિવિંગ એકમો ને પાવર ટેરીફ સહાય માટે મંજુરી આ બેઠકમાં આપવામાં આવી હતી. આ એકમોમાં પ્લાન્ટ અને મશીનરીના રૂ. ૬૦૩૨૨.૩૮ લાખનું મૂડી રોકાણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત મેઈડ અપ્સના એકમ માટે ૮ ટકા ટેકનીકલ ટેક્ષટાઈલના એકમ માટે ૬ ટકા અને અન્ય એકમો માટે ૫ ટકા વ્યાજ સહાય મંજુર કરવામાં આવી હતી. તેમજ પાત્રતા અનુસાર, એકમોને વેટ કન્શેશનના લાભ પણ આ બેઠકમાં મંજુર કરવામાં આવ્યા હતા. અન્ને ઉલ્લેખનીય છે કે, આ અગાઉ રાજય કક્ષા સમિતીની કુલ ૯ બેઠકો મળી હતી. જેમાં ૫૦૬ એકમોને મંજુરી અપાયેલ છે. આ એકમોમાં પ્લાંટ અને મશીનરીમાં કુલ રૂ. ૮૬૦૪૮૬.૪૭ લાખનું મુડીરોકાણ કરવામાં આવેલ છે. આમ,અત્યાર સુધીમાં કુલ ૫૪૯ એકમોને મંજુરી અપાયેલ છે અને તેમાં પ્લાંટ અને મશીનરીમાં રૂ. ૯૨૦૮૦૮.૮૫ લાખનું મુડીરોકાણ કરવામાં આવેલ છે. મંત્રીએ ટેક્ષટાઈલ અને એપરલ પાર્કને સહાય સંદર્ભે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ યોજના અંતર્ગત સુરત ખાતે સ્થાપિત થનાર એક પાર્કને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી. જે આશરે ૬૨ એકર જમીનમાં સ્થપાતા ૪૨ એકમો કાર્યરત થશે અને આશરે ૧૯૦૦ જેટલી રોજગારીની તકો ઉભી થવાની શક્યતાઓ છે. આ અગાઉ કુલ ૧૨ પાર્ક ને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ હતી. વધારાના પાર્કને મંજુરી મળતા રાજયમાં કુલ ૧૩ ટેક્ષટાઈલ અને એપરલ પાર્ક આવનારા સમયમાં સ્થાપિત થશે.

જાહેર નિવિદા

દીનદયાળ મોજણી અને મહેસુલી વહીવટી સંસ્થા, સર્વે કેમ્પસ, ખ-૫, સેક્ટર-૧૪, ગાંધીનગર ખાતે જરૂરી સ્ટેશનરી / સામગ્રી પુરી પાડવા રસ ધરાવતા ઈસમો / સક્ષમ ઈજારદારો પાસેથી સીલબંધ ભાવપત્રકો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ કચેરી સમય દરમિયાન રૂપિયા ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) નોન રીફંડેબલ ભરવાથી મળી શકશે.
કોરા ભાવપત્રક મેળવવાની છેલ્લી તારીખ : ૧૯/૫/૨૦૧૬ (૧૪-૦૦ કલાક સુધી)
ભાવપત્રક ભરીને પરત કરવાની તારીખ : ૨૦/૫/૨૦૧૬ (૧૪-૦૦ કલાક સુધી)
ભાવપત્રક ખોલવાની તારીખ : ૨૦/૫/૨૦૧૬ (સાંજે ૧૬-૦૦ કલાકે)

સહી/-
(નલીન ઠાકર)
નિયામક
દીનદયાળ મોજણી અને મહેસુલી
વહીવટ સંસ્થા, ગાંધીનગર

માહિતી/૧૫૯/૧૬-૧૭

સામાજિક અસર સમીક્ષા અભ્યાસ (SIA)નું જાહેરનામું

મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુર્નવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)
જિલ્લો : ગાંધીનગર

ક્રમાંક : અમ-૨૦૧૬-૯-મ-જગધ-૧૫૧૬-૨૭૯-ઘ — તા. ૪/૪/૨૦૧૬

આ સાથેની અનુસુચિમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે 'તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન અમદાવાદ પ્રોજેક્ટના સારકામ નં. કે.એલ.એ.એચ. (કેએલ-૨૫૪)' માટે જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩), (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ-૪ અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોક્ત જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

(૨) ઉક્ત જમીન/જમીનોમાં સૂચિત પ્રોજેક્ટ 'તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન અમદાવાદ પ્રોજેક્ટના સારકામ નં. કે.એલ.એ.એચ. (કેએલ-૨૫૪)' માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજૂ થયેલ છે. આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત જમીનોનો અનુસૂચિ મુજબનો કુલ વિસ્તાર હે. ૦૧-૨૮-૪૯ ચો.મી. છે. અને તે ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના ગામ : ઝુંડાલની હદમાં આવેલ છે.

(૩) આ અસરગ્રસ્ત વિસ્તારનો સામાજિક અસર સમીક્ષા અભ્યયાસ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. સામાજિક અસર સમીક્ષા અભ્યાસનો મુખ્ય હેતુ અને ચાવીરૂપ પ્રવૃત્તિઓ જેવી કે, સ્થાનિક સંસ્થાઓ સાથે પરામર્શ, અસરગ્રસ્ત જમીન માલિકો સાથે પરામર્શ, અસરગ્રસ્ત વિસ્તારમાં આવેલ કુટુંબો સાથે પરામર્શ, ગ્રામસભા/નગરપાલિકા/મહાનગરપાલિકાની વોર્ડ કક્ષાએ યોજવામાં આવનાર બેઠકમાં આ હેતુ અંગેની ચર્ચા વિચારણા અને પરામર્શ કરવાનું નક્કી કરેલ છે. તેમજ અસરગ્રસ્ત વિસ્તારમાં આવેલી જમીનો, અસરગ્રસ્ત કુટુંબો, સરકારી અને ખાનગી મિલ્કતોની વિગતો, પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અંગેની વિગતોનો સર્વે કરવાનું નક્કી કરેલ છે. જે અંગે સામાજિક અસર સમીક્ષા અભ્યાસ જુથ દ્વારા જાહેર સુનાવણી અને સુનાવણીઓ હાથ ધરવામાં આવશે. સામાજિક અસર સમીક્ષા અભ્યાસ અંગેનો આખરી અહેવાલ અને તે આધારે તૈયાર કરવામાં આવેલ સામાજિક અસર પ્રબંધ યોજના તૈયાર કરવાની સમયમર્યાદા આ જાહેરનામુ પ્રસિદ્ધ થયાની તારીખથી છ માસની નક્કી કરવામાં આવેલ છે. જેથી સામાજિક અસર સમીક્ષા અભ્યાસ જુથ દ્વારા અહેવાલ અને સામાજિક અસર પ્રબંધ યોજના આ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

(૪) ઉક્ત છ માસના ગાળા દરમિયાન સામાજિક અસર સમીક્ષા અભ્યાસ જુથ દ્વારા આ અસરગ્રસ્ત વિસ્તારમાં ઉપર મુજબની પ્રવૃત્તિ હાથ ધરવાની હોઈ લાગતાવળગતા ઈસમો જેવા કે, અસરગ્રસ્ત જમીન માલિકો, અસરગ્રસ્ત કુટુંબો અને અન્ય હિત ધરાવતી વ્યક્તિઓ સૂચિત પ્રોજેક્ટ અન્વયે અને સૂચિત જમીન સંપાદન અન્વયે પોતાના મંતવ્યો રજૂ કરી શકે છે. આવા મંતવ્યો આપવા માટે કોઈપણ વ્યક્તિ તરફથી દાબ-દબાણ કે લોભ લાલચ આપવામાં આવેલું ધ્યાન ઉપર આવશે તો આપવામાં આવેલ મંતવ્યો આપોઆપ સ્વતંત્ર હશે અને જે યોજના તૈયાર કરવામાં આવશે તે કોઈપણ જાતના દાબ-દબાણ વગર, આધિપત્ય કે ધાકધમકી વગરની તટસ્થ યોજના સામાજિક અસર સમીક્ષા જુથ દ્વારા તૈયાર કરવામાં આવશે.

(૫) સામાજિક અસર સમીક્ષા અભ્યાસ જુથ દ્વારા હાથ ધરવામાં આવનાર સામાજિક અસર સમીક્ષા અભ્યાસ અને તે આધારે તૈયાર થનાર અહેવાલ બાબતે કોઈને અસંતોષ કે વાંધો હોય તો રાજ્યના સામાજિક અસર મુલ્યાંકન એકમ કે જેનું સરનામું : ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ, બ્લોક નં. ૧૩, ૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર તેમનો સંપર્ક નં. (૦૭૯) ૨૩૨૮૭૭૫૮ ઈ-મેઈલ : ે હર્કજ્ઞીદ્ધૈ્ર્હ્વૈ્ર.ક્ષિ

(૫) આથી, ગુજરાત સરકાર, જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની જોગવાઈ હેઠળ મે. રાઈટ્સ લીમીટેડને સામાજિક અસર સમીક્ષા જુથને ઉક્ત અધિનિયમ હેઠળ સામાજિક અસર સમીક્ષા અહેવાલ અસર પ્રબંધ યોજના તૈયાર કરવા નીમે છે.

અનુસુચિ

જિલ્લો : ગાંધીનગર — તાલુકો : ગાંધીનગર — ગામ : ઝુંડાલ

સંપાદનનો હેતુ	સર્વે નંબર / બ્લોક નંબર	સંપાદન કરવા પાત્ર જમીનનો અંદાજીત વિસ્તાર હે.આ.ચો.મી.
તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન અમદાવાદ પ્રોજેક્ટના સારકામ નંબર : કે.એલ.એ.એચ. (કેએલ-૨૫૪)	૨૭/૧ પૈ.	૦૦-૧૫-૮૧
	૨૭/૨ પૈ.	૦૦-૨૮-૩૨
	૨૭/૩ પૈ.	૦૦-૨૩-૮૭
	૨૮/૧ પૈ.	૦૦-૦૪-૮૦
	૨૮/૨ પૈ.	૦૦-૧૦-૧૮
	૨૯ પૈ.	૦૦-૦૯-૧૮
	૨૪/૧ પૈ.	૦૦-૧૧-૮૦
	૨૪/૨ પૈ.	૦૦-૦૯-૬૦
	૧૭/૨ પૈ.	૦૦-૧૪-૯૩
	કુલ :-	૦૧-૨૮-૪૯

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે
સહી/-
(હરીષ કે. પ્રજાપતિ)
સારકામના ઉપસચિવ

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૨૪/૨૦૧૬